વંચાણે લીધેલઃ– સરકારશ્રીના શ્રમ અને રોજગાર વિભાગના તા.૨૫.૪.૯૭ ના ઠરાવ ક્રમાંકઃ કેએચઆર/૧૧૧/એમડબલ્યુઓ/૧૦૯૭/૧૬૧૯/એમ(૨) અનુસાર જુદી જુદી કેટેગરીમાં વર્ગીકરણ તેમજ તેની સામે તા.૧/૧૦/૯૭ ના રોજથી તા. ૩૦.૯.૨૦૧૧ સુધી મળવાપાત્ર દૈનિક વેતનના દર દર્શાવતું પત્રક પરિશિષ્ટ– 'એ'

**ઉચ્ચક દરથી કુશળ, અર્ધકુશળ, બીનકુશળ શ્રમયોગી, કલેરીકલ અને શિક્ષકોના દૈનિક મોંઘવારી ભથ્થું દર સાથે દૈનિક ચુકવવા પાત્ર દર અંગે.**

~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~

# –: પરિપત્ર :–

આથી નવસારી કૃષિ યુનિવર્સિટીની તમામ યુનિટ / સબ યુનિટ કચેરીઓને જણાવવામાં આવે છે કે, આપની કચેરી / ફાર્મ / રહેણાંકના મકાનો, ફાર્મસ્ટ્રકચર વગેરેમાં આકસ્મિક જરૂરી મરામત કરાવવા માટે રોજમદાર રોકવા વંચાણે લીધેલ પરિપત્ર મુજબ પરિશિષ્ટ–'એ' ની મંજુરીની વિગતોને ધ્યાને લેતાં પ્રવર્તમાન બજારભાવો ધ્યાને લઈ સામેલ પત્રકમાં દર્શાવેલ રોજમદારો માટે ભાવો મંજુર કરવામાં આવેલ છે. સ્ટે.૨૮ ની આઈટેમ નં. ૭૨ થી એનાયત થયેલ સત્તાઓનો ઉપયોગ નવસારી કૃષિ યુનિવર્સિટી હસ્તકના તમામ યુનિટ અધિકારીઓ યોગ્ય રીતે કરી શકે તે હેતુસર નાણાંકીય વર્ષ ૨૦૧૨–૧૩ માટે આ ભાવો મંજુર કરેલ છે. કોઈપણ સંજોગોમાં અત્રેથી નકકી થયેલ દર કરતાં વધારે દરની ચુકવણી કરવી નહી. સદર ક્રમ નં. ૧ થી ૫ અને ૭ નાં રોજમદારોને એકી સાથે વધુમાં વધુ ૧૫ દીવસ પ્રતિ માસ રાખી શકાશે.

| અ.નં. | રોજમદાર મજુરોની વિગત | રોજમદાર મજુરોની કેટેગરી | નાણાંકીય વર્ષ ૨૦૧૨–૧૩ દરમ્યાન મંજુર કરવામાં આવેલ ભાવો |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧. | સેન્ટીંગ સુથાર / સુથાર | સ્કીલ્ડ લેબર | ૩૦૦.૦૦ |
| ૨. | કડીયો | સ્કીલ્ડ લેબર | ૪૦૦.૦૦ |
| ૩. | લુહાર / બાર બાઈન્ડર | સ્કીલ્ડ લેબર | ૩૦૦.૦૦ |
| ૪. | ઈલેટ્રીશીયન / વાયરમેન | સ્કીલ્ડ લેબર | ૩૦૦.૦૦ |
| ૫. | ડ્રાફટમેન / સીવીલ ડીપ્લોમા સુપરવાઈઝર | સ્કીલ્ડ લેબર | ૩૦૦.૦૦ |
| ૬. | પંપ ઓપરેટર | સેમી સ્કીલ્ડ લેબર | ૧૭૨.૮૦ |
| ૭. | પ્લમ્બર | સેમી સ્કીલ્ડ લેબર | ૨૦૦.૦૦ |
| ૮. | એટેન્ડન્ટ (ગેસ્ટહાઉસ) | અનસ્કીલ્ડ લેબર | ૧૭૨.૮૦ |

**નોંધઃ–** **ક્રમ નં.૬ અને ૮ના ભાવો વખતોવખત સરકારશ્રી મંજુર કરે/વધારે તે મુજબ ચુકવવાના રહેશે.**

આ પરિપત્ર અત્રેની કચેરીની તા. ૩૦/૦૫/૨૦૧૨ ની નોંધ ઉપર મા.કુલપતિશ્રીની મંજુરી મેળવી બહાર પાડવામાં આવેલ છે, **જે મુજબ આ પરીપત્રની અસર તા. ૦૧/૦૪/૨૦૧૨ થી નાણાંકીય વર્ષ ૨૦૧૨–૧૩ દરમ્યાન અમલવારીમાં રહેશે.** સદર પરીપત્રની નકલ દરેક યુનીટ / સબ યુનિટનાં અધિકારીશ્રીએ www.nau.in ઉપર થી મેળવી લેવાની રહેશે.

જા.નં.નકૃયુ/કાઈ/બી.૩/ ૭૦૭૫–૭૧૪૯ / ૨૦૧૨.
તારીખઃ– ૦૧/૦૬/૨૦૧૨. નવસારી.

1/6/12
**કાર્યપાલક ઈજનેર**
**નવસારી કૃષિ યુનિવર્સિટી,**
**નવસારી.**

**નકલ સવિનય રવાનાઃ–**

૧. કુલસચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ થવા સારૂ (મા.કુલપતિશ્રી ધ્વારા મંજુર થયેલ અસલ નોંધની ઝેરોક્ષ નકલ સાથે.)
૨. હિસાબી અધિકારી–વ–હિસાબ નિયામકશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ થવા સારૂ. (મા.કુલપતિશ્રી ધ્વારા મંજુર થયેલ અસલ નોંધની ઝેરોક્ષ નકલ સાથે.)
૩. સર્વે ડીનશ્રીઓ તથા આચાર્યશ્રીઓ, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ થવા સારૂ.
૪. વહીવટી–વ–હિસાબી અધિકારીશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ થવા સારૂ. (મા.કુલપતિશ્રી ધ્વારા મંજુર થયેલ અસલ નોંધની ઝેરોક્ષ નકલ સાથે.)
૫. સંશોધન વૈજ્ઞાનિકશ્રી, સહ સંશોધન વૈજ્ઞાનિકશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ થવા સારૂ.
૬. તમામ યુનિટ અધિકારીઓ તથા કચેરીના વડાઓ, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ થવા સારૂ.
૭. ડીન, આઈ.ટી. સદર પરીપત્ર www.nau.in ની વેબ સાઈડ ઉપર પરીપત્રિત કરવાનું રહેશે.
~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~